**મે.વાગરાના એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**ફો.કે.નં.૫૦/૨૦૨૦**
**આંક-૧૦**

**ફરીયાદી:- શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :- (૧)** શ્રી કૈલાશનાથ ભંડારી,(કબજેદાર)
હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લી. (યુનિટ બિરલા કોપર)
મુ.લખીગામ, પો. દહેજ, તા.વાગરા, જી.ભરૂચ

**ગુન્હો : કારખાના ધારા -૧૯૪૮ ની કલમ-૭(એ)(૨)(ડી) ના ભંગ બાબત.**

**J U D G E M E N T**

(૧) ફરયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતાં, આરોપી સંસ્થાએ કલમ-૭(એ)(૨)(ડી) નો ભંગ કરી, શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની ફરીયાદ શ્રી સરકારી અધિકારીએ રજુ કરેલ છે.

(૨) ફરીયાદનું સંજ્ઞાન લઈ આરોપીઓને સમન્સ કરતાં આરોપી તર્ફે ઓથોરાઈઝર્ડ વ્યકિત હાજર થયેલાં છે અને તેઓએ આરોપી વતીનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે. ત્યારબાદ તેઓને વિના મૂલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તેઓએ આંક-૮ થી કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓની આંક-૯ થી પ્લી લેવામાં આવેલ જેમા તેઓએ ગુનો કબુલ કરેલ છે . તેઓનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા વિનંતી કરેલ છે.

(૩) આજરોજ આરોપી વતી ઓથોરાઈઝડ વ્યકિત હાજર છે અને તેઓએ ગુનો કબુલ કરી દંડ ભરવા રાજીખુશી છે અને આજરોજ ગુનો કબુલ કરેલ છે અને સાથે કબુલાત પુરસીસ પણ રજુ કરેલ છે અને પ્રથમ ગુનો હોય દરગુજર કરવા વિનંતી કરેલ છે. વધુમાં કારખાના અધિનિયમ-૧૯૪૮ ની કલમ-૯૨ મુજબના ગુનાના કામે સજાની જોગવાઈ

બે વર્ષની મુદ્દત સુધીની કેદની અથવા એક લાખ રૂપિયા સુધીના દંડની અથવા એ બંન્ને સજાને પાત્ર થશે તે મુજબની જોગવાઈ છે. વધુમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯ વંચાણે લીધી. આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓર્થોરીટીના ઉપક્રમે સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલું છે. વધુમાં આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર ,તેમા સજાનું પ્રમાણ, આરોપી તરફેની રજુઆત અને પરિસ્થિતિને ધ્યાને લેતાં હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૭–એ(૨) (ડી)મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૨)** આ કામના દરેક આરોપીને કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૭–એ(૨),(ડી) અન્વયે રૂા.૧૦,૦૦૦/–( અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ, ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો સદર દંડ ભરવામાં કસુર કરે તો એક માસ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૮ મી માહે ફેબ્રુઆરી સને–૨૦૨૦ ના રોજ ખુલ્લી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૨/૨૦૨૦ **(માધવી કેતનભાઈ ભટ્ટ)**

સ્થળ: વાગરા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

વાગરા,

**કોડ નં.જીજે ૦૦૮૫૬**